સ્વામીશ્રીજી

# પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને કેનેડાના વડાપ્રધાનના હસ્તે કેનેડામાં ટોરોન્ટો ખાતે પ્રથમ શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું ભવ્ય ઉદ્‌ઘાટન

## તા. ૨૨ જુલાઈ, ૨૦૦૭, ટોરોન્ટો

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વડા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને કેનેડાના વડાપ્રધાન માનનીય શ્રી સ્ટીફન હાર્પરના વરદ હસ્તે, કેનેડામાં ટોરોન્ટો ખાતે, સૌ પ્રથમ સંગેમરમરથી નિર્મિત ભવ્ય શિખરબદ્ધ મંદિર કેનેડાની જનતા માટે તા. ૨૨ જુલાઈ, ૨૦૦૭ના ઐતિહાસિક દિને ખુલ્લું મુકાયું હતું. મંદિરની સાથે સાથે ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાની અનુભૂતિ કરાવતા પ્રદર્શનની પણ ભારતીય-કેનેડીયન પ્રજાને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ભેટ આપી હતી.

ઈટાલિયન માર્બલ અને ટર્કીશ પથ્થરોનાં ભારતીય શિલ્પકારોના હાથથી કોતરણી પામેલ ૨૪,૦૦૦ જેટલાં મનમોહક શિલ્પો તથા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્વયંસેવકોના સખત અને સતત પુરુષાર્થના હજારો માનવ-કલાકો તથા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં પ્રેરણા-પીયૂષથી આ અદ્‌ભુત મંદિરનું સર્જન ફક્ત ૧૮ મહિનાના ટૂંકા ગાળામાં સંપન્ન થયું છે. જેમ શિલ્પીના હાથે પથ્થર ઘડાઈને મૂર્તિ બને છે, તેમ આધ્યાત્મિક ગુરુનો સ્પર્શ થવાથી મૂર્તિમાં પ્રાણ પુરાય છે. આ વિધિને 'મૂર્તિપ્રતિષ્ઠા' કહેવામાં આવે છે. પ્રમુખસ્વામી મહારાજે કેનેડા, અમેરિકા, યુ.કે., ભારત તેમજ દેશ-વિદેશથી ભાવપૂર્વક ઊમટેલા હરિભક્તો અને શુભેચ્છકોની ઉપસ્થિતિમાં, વૈદિક વિધિ અનુસાર મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી હતી. આ મૂર્તિપ્રતિષ્ઠા વિધિનું જીવંત પ્રસારણ ટી.વી. એશિયા, સહારા વન અને આસ્થા ચેનલ દ્વારા અસંખ્ય ભાવિકોને દર્શાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ બી.એ.પી.એસ.ના બેન્ડની સૂરાવલીઓ સાથે, ભારતીય વેશભૂષામાં સજ્જ બાળકો દ્વારા કેનેડાના વડાપ્રધાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે તેઓને નાડાછડી બાંધીને તેમનું અભિવાદન કર્યું હતું. ઉદ્‌ઘાટન વિધિની શરૂઆત કેનેડા અને ભારતનાં રાષ્ટ્રગીતોના ગાન સાથે થઈ. ઉદ્‌ઘાટન પ્રસંગે કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પરે જણાવ્યું, 'આ ભવ્ય કલાત્મક સ્થાપત્ય ફક્ત ભારતીય કેનેડીયનો માટે જ નહીં, પરંતુ તમામ કેનેડીયનો માટે ગૌરવ અને પ્રેરણાનો સ્રોત બની રહેશે.' તેમણે કેનેડાને આવી અપ્રતિમ ભેટ આપવા બદલ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રેરક અને સર્જક પ્રમુખસ્વામી મહારાજનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

આ પ્રસંગે ઓન્ટેરિયોના પ્રિમીયર માનનીય શ્રી ડાલ્ટન મેક્ગ્વીન્ટી, ટોરોન્ટો શહેરના મેયર શ્રી ડેવિડ મીલર, કેનેડા ખાતેના હાઈકમિશનર માનનીય શ્રી રાજમણી લક્ષ્મીનારાયણ, કેનેડાની કેન્દ્ર સરકારના લીબરલ લીડર શ્રી સ્ટીફન ડીયોન અને વિરોધ પક્ષના નેતા શ્રી જ્હોન ટોરી ઉપરાંત કેનેડાની પાર્લામેન્ટના સભ્યો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

'મંદિર મહોત્સવ' દરમ્યાન પરંપરાગત વૈદિક યજ્ઞના આયોજન દ્વારા વિશ્વશાંતિ માટેની પ્રાર્થના કરવામાં આવી હતી. તમામ માનવજાતને સુખ-શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટેની પ્રતીકાત્મક વિધિપૂજાઓ પણ થઈ હતી. મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા ટોરોન્ટોના રાજમાર્ગો પર નીકળી હતી. પરંપરાગત રંગબેરંગી વેશભૂષામાં શોભતા સત્સંગીઓ ભક્તિગીતો ગાતાં અને લોકનૃત્યો કરતાં શોભાયાત્રામાં જોડાયા હતા. યુવકોનું માર્ચિંગ બેન્ડ પણ તેમાં સામેલ હતું.

આ પ્રસંગે ચંદ્રકાંત સચદેવે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું ''ખરેખર ! આ મંદિર સ્વયંસેવકોના અવિરત નિઃસ્વાર્થ શ્રમયજ્ઞના પરિપાકરૂપે સર્જન પામ્યું છે. ગરમી કે ઠંડીની પરવા કર્યા વિના, ભારેમાં ભારે મહેનતના કાર્યથી માંડીને ઝીણામાં ઝીણી વિગતની ભારોભાર કાળજી આ મંદિરના સર્જનમાં લેવામાં આવી છે.''

આગામી એક હજાર વર્ષ સુધી આ મંદિર કેનેડા તથા વિશ્વના લોકોને પ્રેરણા આપશે તથા સેવા, ભક્તિ અને સમર્પણનો સંદેશો વિશ્વને પ્રદાન કરશે.

### ટોરોન્ટોમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની કેટલીક આંકડાકીય વિગતો :

- ૧,૮૦૦ ભારતીય શિલ્પકારો દ્વારા ભારતનાં વિવિધ ૨૬ સ્થળોએ શિલ્પકામ.
- ૪૦૦ સ્વયંસેવકોની તનતોડ મહેનત.
- ૧૮ મહિનાના સમયગાળામાં મંદિરનિર્માણ.
- ૧૩૨ સુશોભિત તોરણો.
- ૮૪ કલાત્મક છતો.
- ૩૪૦ કલામંડિત સ્તંભો.
- ૨૪,૦૦૦ કોતરણી પામેલ શિલ્પો.

- ૫.૬ ટનનો ભારેમાં ભારે પથ્થર.
- ૨,૬૩૮ ટન ટર્કીશ લાઈમ સ્ટોન.
- ૨,૨૬૦ ટન ઈટાલિયન માર્બલ.
- ૧,૪૮૭ ટન ભારતીય ગુલાબી પથ્થર.
- ૯૫,૦૦૦ ઘનફૂટ પથ્થરનું ભારતમાં શિલ્પકામ.
- ૧,૦૦૦ વર્ષ સુધી ટકી રહે તેવું સ્થાપત્ય.